**<u>પ્રેસ નોટ તા.૧૮/૦૮/૨૦૨૧</u>**

<u>સને ૨૦૨૦માં વાહન અકસ્માત કરી, નુકશાન કરી, નાસી જનાર આરોપીને પકડી પાડી, વાહન અકસ્માતનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**<u>ગુનાની વિગતઃ-</u>**

તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ નિકુલભાઇ મુકેશભાઇ વાળા, ઉં.વ.૨૬, ધંધો-લુહારી કામ, રહે.ચકકરગઢ રોડ, ગજાનંદ રેસીડેન્સી, બ્લોક નં.૧, તા.જિ.અમરેલીનાઓ પોતાની અર્ટીગા ફોરવ્હીલ કાર નંબર GJ-01 KQ-2546 ની લઇને અમરેલીથી ચલાલા તરફ જતા હતાં, ત્યારે ચલાલા તરફ જવાના રોડ પર સાજીયાવદરના પાટીયે, ફોરવ્હીલ હોન્ડા સીટી રજીનં GJ-06-DB-8008 ના અજાણ્યા વાહન ચાલકે, પોતાના હવાલા વાળી ફોરવ્હીલ કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી, અર્ટીગા ફોરવ્હીલની પાછળ ભટકાવી, ફોરવ્હીલમાં આશરે કિ.રૂા.૧,૦૦,૦૦૦/- નું નુકશાન કરી, નાસી ગયેલ હોય, જે અંગે નિકુલભાઇ મુકેશભાઇ વાળાનાઓએ અમરેલી તાલુકા પો.સ્ટે.માં ઉપરોક્ત હોન્ડા સીટી ફોરવ્હીલના અજાણ્યા ચાલક વિરૂધ્ધ ફરિયાદ આપતાં, અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૪૨૦૧૪૯૯/૨૦૨૦, ઇ.પી.કો.કલમ ૨૭૯, મોટર વ્હિકલ એકટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો રજી. થયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક શ્રીનાઓએ અમરેલી જિલ્લામાં બેદરકારીથી વાહન ચલાવી, અકસ્માત સર્જી, નાસી જનાર આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા હોન્ડા સીટી રજીનં GJ-06-DB-8008 ના ચાલકને આણંદ મુકામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

<u>પકડાયેલ આરોપીઃ-</u>

જય જીતેન્દ્રભાઇ રામવાણી, ઉં.વ.૨૧, રહે.વડોદરા, વાડસીયા રીંગ રોડ, દયાળનગર, મકાન નં. જી-૭૪



● *પ્રેસનોટ તા.૧૮/૦૮/૨૦૨૧* ●

*પી.આઇ.ટી.NDPS એક્ટ ૧૯૮૮ ( The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988 ) મુજબ રાજકોટ મધ્યસ્થ જેલ, ખાતે એક ઈસમની અટકાયત કરી જેલ હવાલે કરતી અમરેલી એસ.ઓ.જી. ટીમ.*

*ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર* દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ હોય, જે અનુસંધાને *શ્રી અશોકકુમાર યાદવ સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ ભાવનગર* તથા *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય, સાહેબ* નાઓએ અમરેલી જીલ્લામાં માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ઈસમોને ઝડપી પાડવા અને NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમો વિરૂધ્ધ પી.આઇ.ટી. NDPS એક્ટ ૧૯૮૮ (The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988) મુજબની PIT દરખાસ્ત તૈયાર કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

જે અન્વયે *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય, સાહેબ* નાઓએ *એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી એમ.એ.મોરી* તથા *એસ.ઓ.જી.ટીમ* ને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. પો.સ.ઇ.શ્રી એમ.એમ.મોરી તથા એસ.ઓ.જી. ટીમ દ્વારા NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમ વિરૂધ્ધ PIT, NDPS એક્ટ ૧૯૮૮ *(The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988)* મુજબનાં જાહેર વ્યવસ્થા તથા પ્રજાના જાહેર સ્વાસ્થ્યને જોખમમાં મુકવા, અને તેના લીધે લોકોને આર્થિક પાયમાલી સર્જાય તેવી પુરેપુરી શકયતા બાબતેનાં સબળ પુરતાં પુરાવાઓ મેળવી વ્યવસ્થિત દરખાસ્ત તૈયાર કરી *પોલીસ અધિક્ષક સાહેબશ્રી* મારફતે *પોલીસ મહાનિદેશક સાહેબ શ્રી, સી.આઇ.ડી.ક્રાઈમ, અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* નાઓ તરફ મોકલતા મજકુર ઇસમની PIT દરખાસ્ત મંજુર થતા મજકુર ઈસમની સદરહું ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણનાં વારંવાર ગુન્હા આચરતાં ઈસમને અટકાયતમાં લઇ રાજકોટ મધ્યસ્થ જેલ, ખાતે રવાનાં કરવામાં આવેલ છે.

*PIT NDPS અન્વયે અટકાયત કરેલ ઈસમ*ઃ-

(૧) નકળંગભાઇ લક્ષ્મણભાઇ ઉર્ફે લખમણ ભગત ગોલેતર, ઉ.વ.-૪૦, ધંધો.ખેતી, રહે.જલાલપુર, તા.ગઢડા, જી.બોટાદ.

આમ, *શ્રી અશોકકુમાર યાદવ સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ ભાવનગર* તથા અમરેલી પોલીસ અધિક્ષકશ્રી *નિર્લિપ્ત રાય સાહેબ*, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પો.સ.ઈ., એમ.એ.મોરી* તથા *એસ.ઓ.જી. ટીમ* દ્વારા PIT NDPS, અધિનિયમ ૧૯૮૮ કલમ-૩, હેઠળ એક ઈસમની અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં સફળતા મળેલ છે.

**પ્રેસનોટ – તા.૨૦/૦૮/૨૦૨૧**

**<u>સાવરકુંડલા ટાઉન પો.સ્ટે.ના ખુનના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતાં આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

➩ <u>ગુનાની વિગતઃ-</u>

સાવરકુંડલાના મણિનગરમાં રહેતાં, જાહીદ ઉર્ફે નના હારૂનભાઇ શેખને આરોપી અયુબ ઉર્ફે અકની સાથે, તેની શેરીમાં ચાલવા બાબતે અગાઉ ઝઘડો થયેલ. જે ઝઘડાનું મનદુખ રાખી, ગઇ તા.૨૨/૧૧/૨૦૨૦ ના રોજ આરોપી અયુબ ઉર્ફે અકનીએ જાહીદ ઉર્ફે નનાને, તેઓ વચ્ચે થયેલ ઝઘડાના સમાધાનના નામે બોલાવી, તમામ આરોપીઓએ પોતાનો એક સમાન ઇરાદો પાર પાડવા, અગાઉથી નક્કી કરેલ કાવતરા પ્રમાણે, આરોપી અફસાનાબેન ઉર્ફે કાટી રહીમભાઇ ચૌહાણે મરણ જનાર ઉપર એસિડ છાંટી, આરોપી અયુબ ઉર્ફે અકની ઉસ્માનભાઇ ચૌહાણ તથા ઉસ્માનભાઇ કાસમભાઇ ચૌહાણ અને ઇરફાન ઉર્ફે ઘડીયાળી યુનુસભાઇ વાઘેલા નાઓએ છરી, તલવાર તથા પાઇપ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કરી, જાહીદ ઉર્ફે નનાનું મોત નિપજાવી, જાહીદના ભાઇ હનીફ ઉર્ફે હફલો હારૂનભાઇ શેખ તથા સાહેદ સીરાજ ઉર્ફે ધુધાને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની કોશિશ કરી, હનીફ ઉર્ફે હફલાને ડાબા હાથે ફેકચર કરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમરેલીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરેલ હોય, જે અંગે મરણ જનાર જાહીદના ભાઇ હનીફ ઉર્ફે હફલો હારૂનભાઇ શેખ, ઉ.વ.૩૯, રહે.સાવરકુંડલા, મણિનગર, હાફીસાબાપુની ઓરડી પાસે, જિ.અમરેલીનાઓએ ફરિયાદ આપતાં **સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૨૨૦૧૦૨૮/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬(ક), ૩૨૫, ૩૨૪, ૩૪, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫** મુજબનો ગુનો દાખલ થયેલ હતો. આ ગુનો રજી. થતાં જ આરોપી અયુબ ઉર્ફે અકની પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ફરાર થઇ ગયેલ હતો.

**અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડી, તેની સામે ધોરણસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે.ના **ખુન**ના ગુનામાં નાસતા ફરતા આરોપીને **સાવરકુંડલામાં અમરેલી રોડ, ખાતરવાડી પાસેથી** ઝડપી લેવામાં આવેલ છે.

➩ <u>પકડાયેલ આરોપીઃ-</u>

**ઉસ્માન ઉર્ફે મોટો અકની કાસમભાઇ ચૌહાણ, ઉં.વ.૫૯, રહે.સાવરકુંડલા, મણિનગર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

➩ <u>આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુનાઓની વિગતઃ-</u>

પકડાયેલ આરોપી ઉસ્માન ઉર્ફે મોટો અકની કાસમભાઇ ચૌહાણ વિરૂધ્ધ ભુતકાળમાં નીચે મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૧) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૫/૨૦૧૮, જુગાર ધારા કલમ ૧૨
(૨) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૬૦/૨૦૧૮, જુગાર ધારા કલમ ૧૨

(૩) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૦૨/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૪) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૭૪/૨૦૧૫, જુગાર ધારા કલમ ૧૨

(૫) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૮૧/૨૦૧૫, જુગાર ધારા કલમ ૧૨

(૬) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૧૪/૨૦૧૪, આઇ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪

કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. એલ.સી.બી. અમરેલી તથા પો.સ.ઇ. તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ તા.૨૧/૦૮/૨૦૨૧

**અમરેલી સહિત ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં પવનચક્કીઓમાંથી કોપર વાયરની ચોરી કરતી ગેંગના સક્રિય પાંચ ઇસમોને કોપર વાયર, ચોરી કરવા માટે ઉપયોગમાં લેવાતી ફોરવ્હીલ સહિત કુલ કિં.રૂ.૩,૦૧,૪૬૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ૧૪ જેટલી ચોરીઓ ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી.**

અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબનાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી વણશોધાયેલ ગુન્હાઓનો ભેદ ઉકેલી, આરોપીઓને પકડી પાડવા તથા ચોરીનો મુદ્દામાલ રીકવર કરી, તેના મુળ માલિકને મિલકત પાછી મળી રહે, તે માટેના સઘન પ્રયત્નો હાથ ધરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા, પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી તથા એલ.સી.બી. ટીમ દ્વારા પવનચક્કીઓમાંથી અર્થિંગ માટેના કોપર વાયરની ચોરી કરી, વેચવા માટે નીકળેલ ચોર ઇસમો અંગેની મળેલ બાતમી આધારે બાબરા ટાઉનમાં નીલવડા રોડ ઉપર જી.આઇ.ડી.સી. પાસે વોચ ગોઠવી, પાંચ ઇસમોને ચોરીના કોપર વાયર તથા કોપર વાયરની ચોરીઓ કરવા માટે ઉપયોગમાં લેવાતી ફોરવ્હીલ કાર સહિત પાંચ ઇસમોને પકડી પાડવામાં આવેલ છે.

બાબરા તાલુકાના સુખપર ગામનો રહીશ સંજયભાઇ વસ્તાભાઇ મકવાણા, પોતાના હવાલા વાળી Mahindra Xylo ફોરવ્હીલ કારમાં, તેના સાગરીતો સાથે પવનચક્કીમાંથી અર્થિંગ માટેના કોપર વાયરની ચોરી કરી, બાબરા ટાઉનમાં વેચવા માટે આવે છે, તેવી બાતમી હકીકત આધારે એલ.સી.બી. ટીમ દ્વારા બાબરા ટાઉનમાં બાબરા-લીલવડા રોડ ઉપર આવેલ જી.આઇ.ડી.સી.પાસે વોચ ગોઠવતાં, બાતમી વાળી ફોરવ્હીલ કારમાં પાંચ ઇસમો ચોરી કરી મેળવેલ કોપર વાયર સાથે પકડાઇ ગયેલ.

➡ પકડાયેલ આરોપીઓઃ-

(૧) સંજય વસ્તાભાઇ મકવાણા, ઉ.વ.૨૭, રહે.સુખપર, બસસ્ટેન્ડ પાસે, તા.બાબરા, જિ.અમરેલી
(૨) ભરત વસ્તાભાઇ મકવાણા, ઉ.વ.૨૪, રહે.સુખપર, બસસ્ટેન્ડ પાસે, તા.બાબરા, જિ.અમરેલી.
(૩) સાગર વસ્તાભાઇ મકવાણા, ઉ.વ.૨૧, રહે.સુખપર, બસસ્ટેન્ડ પાસે, તા.બાબરા, જિ.અમરેલી
(૪) રાજેશ ઉર્ફે રાજી કેશુભાઇ ચાવડા, ઉ.વ.૨૩, રહે.વાવડા, ગોખલાણા રોડ, તા.બાબરા, જિ.અમરેલી
(૫) નિલેશભાઇ રમેશભાઇ મકવાણા, ઉ.વ.૨૭, રહે.ઉંટવડ, તા.બાબરા, જિ.અમરેલી

➡ પકડાયેલ મુદ્દામાલઃ-

(૧) પવનચક્કીઓમાં અર્થિંગ માટે ઉપયોગમાં લેવાતો કોપર વાયર, લંબાઇ-૮૦ મીટર, કિં.રૂ.૮૧,૬૦૦/-
(૨) મોબાઇલ ફોન નંગ- ૪, કિં.રૂ.૨૦,૦૦૦/-
(૩) લોખંડનુ તિક્ષ્ણ ધારદાર વાયર કટર (પક્કડ), કિં.રૂ.૧૦૦/-
(૪) Mahindra Xylo ફોરવ્હીલ કાર રજી. નંબર GJ-03-CR-7259, કિં.રૂ.૨,૦૦,૦૦૦/-
મળી કુલ કિં.રૂ.૩,૦૧,૪૬૦ /- નો મુદ્દામાલ.

➯ **<u>પકડાયેલ આરોપીની પુછપરછ પરથી ડીટેક્ટ થયેલ ગુનાઓઃ-</u>**

**પકડાયેલ પાંચેય આરોપીઓની પુછપરછ કરતાં, નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.**

**(૧)** આશરે ચારેક વર્ષ પહેલા રાજકોટ ગ્રામ્યના જસદણ તાલુકાના આંબરડી ગામે તથા ભડલી ગામની સીમ વિસ્તારમાં આવેલ પવનચકકીઓમાંથી અલગ અલગ સમયે, અલગ અલગ જગ્યાએથી પવનચક્કીઓના તાળા તોડી, આશરે ૨૦૦ મીટર જેટલો અર્થિંગ માટેના કોપર વાયરની ચોરી કરેલ. જે અંગે ખરાઇ કરતા **રાજકોટ ગ્રામ્ય જસદણ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭૨/૨૦૧૭, ઇ.પી.કો કલમ- ૩૭૯** મુજબનો ગુન્હો તા.૦૪/૦૭/૨૦૧૭ ના રોજ રજી. થયેલ છે.

**(૨)** આશરે ચારેક વર્ષ પહેલા બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઇતરીયા ગામે સીમ વિસ્તારમાં આવેલ પવનચક્કીના દરવાજાના તાળા તોડી, આશરે ૧૦૦ કિ.ગ્રા. જેટલો કોપર વાયરની ચોરી કરેલ. જે અંગે ખરાઇ કરતાં, **બોટાદ જિ. ગઢડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૦/૨૦૧૭, ઇ.પી.કો. કલમ- ૩૭૯** મુજબ ગુન્હો તા.૨૫/૦૭/૨૦૧૭ ના રોજ રજી. થયેલ છે.

**(3)** આશરે ત્રણેક વર્ષ પહેલા બાબરા તાલુકાના લાલકા ગામ, કલોરાણા ગામ, રાયપર ગામ આમ ત્રણેય ગામની સીમમા આવેલ પવનચક્કીઓના તાળા તોડી, કોપર વાયર આશરે ૨૪૦ મીટર જેટલાની ચોરી કરેલ હતી. જે અંગે ખરાઇ કરતાં, **બાબરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૪/૨૦૧૮, ઇ.પી.કો. કલમ- ૩૭૯** મુજબનો ગુન્હો તા.૨૨/૦૯/૨૦૧૯ ના રોજ રજી. થયેલ છે.

**(૪)** આશરે બે વર્ષ પહેલા રાત્રિના સમયે બાબરા તાલુકાના ઉટવડ તથા નવાણીયા ગામની વચ્ચે આવેલ સીમ વિસ્તારમાં આવેલ પવન ચક્કીના દરવાજાના તાળા તોડી, કોપર વાયર આશરે ૮૦ થી ૯૦ મીટર જેટલાની ચોરી કરેલ હતી. જે અંગે ખરાઇ કરતાં, **બાબરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦/૨૦૧૯, ઇ.પી.કો. કલમ- ૩૭૯** મુજબનો ગુન્હો તા.૨૬/૦૧/૨૦૧૯ ના રોજ રજી. થયેલ છે.

**(૫)** આશરે એકાદ વર્ષ પહેલા દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાચ્છુ ગામની સીમમાં ગોવર્ધન હોટલથી થોડે આગળ આવેલ પવનચક્કીના દરવાજાના તાળા તોડી, અર્થિંગ કોપર વાયર આશરે ૧૭૦૦ મીટર જેટલાની ચોરી કરેલ હતી. જે અંગે ખરાઇ કરતાં **દ્વારકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૨૨૦૧૦૫૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ- ૪૫૭, ૩૮૦** મુજબનો ગુન્હો તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ રજી. થયેલ છે.

**(૬)** ગઇ તા.૦૧/૦૮/૨૦૨૧ ના રોજ રાત્રિના આશરે અગિયારેક વાગ્યાના અરસામાં બાબરા તાલુકાના ઇશ્વરીયા ગામની સીમમાં આવેલ પવન ચક્કીના દરવાજાના તાળા તોડી, તેમાંથી આશરે ૭૦ થી ૮૦ મીટર જેટલા અર્થિંગના કોપર વાયરની ચોરી કરેલ હતી. જે અંગે ખરાઇ કરતા **બાબરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૮૨૧૦૬૩૭/૨૦૨૧, ઇ.પી.કો. કલમ- ૪૫૭, ૩૭૯** મુજબનો ગુન્હો તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ રજી. થયેલ છે.

**(૭)** આશરે દોઢેક વર્ષ પહેલાં, **કચ્છ જિલ્લામાં, ભુજથી નખત્રાણા જવાના રસ્તે**, એક થી ત્રણ મહિનાની અંદર જુદી જુદી જગ્યાએથી પવનચક્કી ટાવરના તાળા તોડી, કોપર વાયર, વજન આશરે ૫૦ કિ.ગ્રા. જેટલાની ચોરી કરેલ હતી.

**(૮)** આશરે ચારેક મહિના પહેલા **લાઠી તાલુકાના કરકોલીયા ગામે જવાના રસ્તે સીમ વિસ્તારમાં** આવેલ પવનચક્કી ટાવરના તાળા તોડી જુદી જુદી જગ્યાએથી કોપર વાયર આશરે મીટર ૭૦ થી ૮૦ મીટર જેટલાની ચોરી કરેલ હતી.

**(૯)** આશરે ત્રણેક મહિના પહેલા **બાબરા તાલુકાના ગળકોટડી ગામની સીમ વિસ્તારમાં** આવેલ પવનચક્કીના તાળા તોડી, ત્યાંથી અર્થિંગના કોપર વાયરની ચોરી કરેલ હતી.

**(૧૦)** આશરે ત્રણેક મહિના પહેલા **રાજકોટ ગ્રામ્યના ગોંડલ તાલુકાના પસવાડા ગામની સીમ વિસ્તારમાં** આવેલ પવનચક્કીના તાળા તોડી, ત્યાંથી અર્થિંગના કોપર વાયરની ચોરી કરેલ હતી.

**(૧૧)** ત્રણેક મહિના પહેલા **બાબરા તાલુકાના ગમા પીપળીયા ગામની સીમ વિસ્તારમાં** આવેલ પવનચક્કીના તાળા તોડી, ત્યાંથી અર્થિંગના કોપર વાયરની ચોરી કરેલ હતી.

**(૧૨)** આશરે ત્રણેક મહિના પહેલા **રાજકોટ ગ્રામ્યના વિંછીયા તાલુકાના ગુંદાળા ગામની સીમ** વિસ્તારમાં આવેલ પવનચક્કીના તાળા તોડી, ત્યાંથી અર્થિંગના કોપર વાયરની ચોરી કરેલ હતી.

**(૧૩)** આશરે એકાદ મહિના પહેલા **રાજકોટ ગ્રામ્યના જસદણ તાલુકાના શીવરાજપુર ગામની સીમમાં** આવેલ પવનચક્કીના તાળા તોડી, આશરે ૪૦ કિ.ગ્રા. જેટલા કોપર વાયરની ચોરી કરીલ હતી.

**(૧૪)** આશરે એકાદ મહિના પહેલા **રાજકોટ ગ્રામ્યના જસદણ તાલુકાના કાસકોલીયા ગામની સીમમાં** આવેલ પવનચકકીના તાળા તોડી, આશરે ૫૦ કિ.ગ્રા. કોપર વાયરની ચોરી કરેલ હતી.

ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત ચોર ટોળકીએ ઉપરોક્ત ડીટેક્ટ થયેલ ગુનાઓ પૈકી રજી. થયેલ ગુનાઓમાં **ચોરી કરેલ કેબલ વાયરની કિંમત રૂ.૯,૩૯,૭૬૦/-** થાય છે. આ ચોર ટોળકીએ ઉપરોક્ત વિગતે **અમરેલી, રાજકોટ ગ્રામ્ય, બોટાદ, દેવભૂમિ દ્વારકા તથા કચ્છ જિલ્લાઓ**માં ગુનાઓ કરેલ છે, આ સિવાય તેઓએ અન્ય કોઇ જગ્યાઓએ ચોરી કરેલ છે કે કેમ ? તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

પકડાયેલ પાંચેય ઇસમો તથા ફોરવ્હીલ અને ચોરીનો મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે **બાબરા પોલીસ સ્ટેશન**માં સોંપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક શ્રી  સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ., પો.સ.ઇ. તથા એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – તા.૨૨/૦૮/૨૦૨૧

## પ્રોહિબીશન ગુન્હામાં એક વર્ષથી નાસતા ફરતાં પ્રોહી. બુટલેગર ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરીની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા પ્રોહિબીશન ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા પ્રોહીબીશન બુટલેગર ઇસમને પકડી પાડવામાં આવેલ છે.

➩ ગુન્હાની હકીકતઃ-

ગઇ તા.૦૫/૦૮/૨૦૨૦ નાં રોજ એલ.સી.બી. ટીમ દ્વારા લાલાવદર ગામની હદમાં, લાલવદરથી ઇશ્વરીયા જતા ગાડા માર્ગે આરોપી હકુ મુળુભાઇ વાળા રહે.સાવરકુંડલા વાળાને વરના કાર જી.જે.૧૪.ઇ.૯૪૪૨ કિં.રૂ.૨,૦૦,૦૦૦/- માં ભારતીય બનાવટનાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ – ૧૮૦ કિં.રૂ.૬૩,૦૦૦/- ની હેરફેર કરતા રોકડા રૂ.૪૭,૮૦૦/- તથા મોબાઇલ ફોન – ૧ કિં.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૩,૧૫,૮૦૦/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડી તેમજ સદરહું ઇગ્લીશ દારૂ જગુ વાલાભાઇ વાળા રહે.લાલાવદર વાળા પાસેથી મેળવેલ હોય બન્ને આરોપીઓ વિરૂધ્ધ અમરેલી તાલુકા પોસ્ટે સી. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૦૧૦૪૬/૨૦૨૦ પ્રોહી એક્ટ કલામ ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબ તા.૦૫/૦૮/૨૦ ના કલાક ૧૮/૪૫ વાગ્યે રજી. કરવામાં આવેલ હતો. જે પૈકીનો આરોપી જગુ વાલાભાઇ વાળા ગુનો જાહેર થયા બાદ પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય મજકુર આરોપીનું નામ. કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ હતુ જે આરોપીને અમરેલીમાંથી પકડી પાડવામાં આવેલ છે.

➩ પકડાયેલ આરોપીઃ-

જગુ વાલાભાઇ વાળા, ઉ.વ.૩૯, રહે.લાલાવદર, તા.જિ.અમરેલી

➩ પકડાયેલ મુદ્દામાલઃ-

મારૂતિ ફ્રન્ટી કાર રજી. નં.જી.જે.૦૧.એચ.સી.૯૪૨૪ કિં.રૂ.૫૦,૦૦૦/- તથા એક સેમસંગ એન્ડ્રોઇલ મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦૦/- મળી કુલ કિં.રૂ.૫૫,૦૦૦/- નો મુદ્દામાલ.

➩પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-

**પ્રોહી બુટલેગર જગુ વાલાભાઇ વાળા વિરૂધ્ધમાં ખુન, મારામારી તથા ગુજરાત પ્રોહિબીશન અધિનિયમના ભંગ સહીત નીચે મુજબના ગુન્હાઓ રજી. થયેલ છે.**

**(૧) અમરેલી સીટી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૨/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૦૨,૩૪ મુજબ.**

**(૨) અમરેલી સીટી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૪૮/૧૫ પ્રોહિ.કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.**

**(૩) અમરેલી સીટી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૪૩૧/૨૦૧૬ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.**

**(૪) અમરેલી તાલુકા ફ. ગુ.ર.નં. ૪૯/૧૫ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦બી, ૩૪ મુજબ.**

(૫) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૭૯/૨૦૧૫, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ, મુજબ.

(૬) ખાંભા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૭૮/૨૦૧૫, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ,૧૧૬બી, ૮૧, ૯૮, ૯૯ મુજબ.

(૭) લીલીયા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૭૬/૨૦૧૬, ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.

(૮) ભેસાણ પો.સ્ટે. જિ. જુનાગઢ પ્રોહી. ગુ.ર.નં. ૩૭/૨૦૧૭, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫ઇ, ૧૧૬બી મુજબ.

(૯) ખાંભા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૪૭/૨૦૧૮, એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ.

(૧૦) જાફરાબાદ મરીન પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૪૯/૨૦૧૭, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી,૮૧,૯૮,૯૯ મુજબ.

(૧૧) ખુંટવડા પો.સ્ટે. જિ.ભાવનગર પ્રોહી. ગુ.ર.નં. ૫૨/૨૦૧૮, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૨) અમરેલી તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૦/૨૦૧૮,ઇ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૩૯૪,૫૦૪,૧૧૪ વિ. મુજબ.

(૧૩) લાઠી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૩૩/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૧૪) અમરેલી તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૮૪ મુજબ.

(૧૫) બાબરા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૨૭૬/૨૦૧૯, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૬) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૨૭૬/૨૦૧૯, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૭) અમરેલી તાલુકા પોસ્ટે સી. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૦૧૦૪૬/૨૦૨૦ પ્રોહી. કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબ

પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી માટે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

ઉપરોક્ત કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી,પો.સ.ઇ. તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.